# 'એ તમને નહીં સમજાય…'

## –નીલમ દોશી

બીજલી અને તેનો વર રોજ બાજુના ગામડેથી અહીં શાક, ફળ વેચવા આવતાં. બન્ને મહેનતુ હતાં. યુવાન હતાં. પોતાની મીઠી બોલીથી ઘરાકને પ્રસન્ન કરતાં તેમને આવડતું હતું. તેમનો ભાવ હમ્મેશાં વ્યાજબી રહેતો. પતી–પત્ની ક્યારેય કોઈને છેતરતા નહીં. સતત હસતા રહેતા આ દમ્પતીના આમ તો લગભગ બધા બાંધેલા, નીયમીત ઘરાક હતા. બધો માલ ખાલી કરીને જ રોજ જતાં. સાંજે સાત વાગે તેમની છેલ્લી બસ આવતી. પતી–પત્ની હાથમાં આવેલા પૈસા ગણતાં, બસમાં રવાના થઈ જતાં. છેલ્લા એક વરસથી તેઓ અહીં શાક વેચવા આવતાં. તેમના જેવા બીજા પણ કેટલાયે શાકવાળા અહીં આવતા. તેમને ક્યારેક વધેલું શાક પાછું લઈ જવું પડતું. પણ બીજલીને તો બધું શાક ખાલી થઈ જ ગયું હોય ! કદાચ તેમની મીઠી જીભ, તેમની સરળતા અને કોઈને ન છેતરવાની તેમની વૃત્તી આ માટે કારણભુત હતી.

આજે બીજલીના વરને શરીરે થોડું અસુખ જેવું હતું. તેથી બીજલી એકલી જ શાક લઈને આવી હતી. શાક વેચીને જાય ત્યારે તેમનો ચુલો પેટતો. એટલે બીજલીને અનીચ્છાએ પણ પતીને મુકીને આવવું પડ્યું. આજે બીજલીનો જીવ સ્વાભાવીક રીતે જ ઉતાવળમાં હતો. આજે બને તો શાક જલદી વેચી તેને વહેલાસર ઘર ભેગા થઈ જવું હતું. પણ સાથે સાથે શાક પડ્યું રહે એ પણ પોષાય તેમ નહોતું ! અને મોટા ભાગના ઘરાકો સાંજે તડકો નમે પછી જ આવતા. એટલે બહુ વહેલું પહોંચવાની કોઈ શક્યતા નહોતી.

થોડા ભાવ ઓછા કરીનેયે તેણે જલદી જલદી શાક ખાલી કરવા માંડ્યું. મોટા ભાગનું શાક તો ખાલી થઈ ગયું. માત્ર થોડાં બોર ઘરાકની રાહ જોતાં હતાં. તેની બસનો સમય પણ થવા આવ્યો હતો. આજે બોર પાછાં લઈ જવાં પડશે કે શું ? બીજલી હવે ક્યારની ઉંચીનીચી થતી હતી. તેનું મન તો ઘરે પહોંચી ગયું હતું. પણ બોર વેચાઈ જાય તો પાછાં ન લઈ જવાં પડે.. વળી, આજે તો પતી માટે દવા પણ લઈ જવાની હતી. એટલે તે થોડી લાલચમાં પણ હતી. તેણે આશા રાખી બે પાંચ મીનીટ વધુ રાહ જોવાનું નક્કી કર્યું.

ત્યાં જ એક ગાડી પાસે આવી ને ઉભી રહી. એક શેઠાણી તેમાંથી ઉતર્યાં. બીજલીને હાશ થઈ ! હવે બોર વેચાઈ જશે. શેઠાણીએ પાસે આવી બોર હાથમાં લીધાં. બોર સરસ મજેનાં તાજાં જ હતાં. પણ ભાવ ઓછા કરાવવાના ઈરાદાથી બોલી ઉઠ્યાં, 'કેવા છે? તાજાં નથી લાગતાં!'

બીજલી કહે, 'ના, ના, એકદમ તાજાં અને મીઠાં છે. લો, ચાખો.' કહી એક મોટું સરસ મજાનું બોર આપ્યું. શેઠાણીએ ઉભાં ઉભાં મોટું બોર નીરાંતે ખાધું.

પછી કહે, 'આ તો તું શોધીને આપે. એ તો સારું જ હોય ને ! એમ ખબર ન પડે', કહી બીજાં ત્રણ–ચાર બોર જાતે લઈ ઉભાં ઉભાં ખાધાં.

બીજલી અકળાતી હતી. બોર લેવા આવ્યાં છે કે મફ્ત ખાવા? પણ આજે પોતાને બોર વેચવાની ગરજ હતી તેથી કંઈ બોલી નહીં. ત્યાં શેઠાણીએ ભાવ પુછ્યો. ભાવ સાંભળીને કહે, 'ના રે, વીસ રુપીયે કીલો તે હોતાં હશે? બોલ, દસમાં દેવાં છે?'

બીજલી આમ પણ ગુસ્સે થઈ હતી. કદાચ જવાની ગરજને લીધે આપી પણ દેત. પણ શેઠાણીની વૃત્તી જોઈ તેને ગુસ્સો આવ્યો હતો. તેથી બોર આપવાનું મન ન થયું. તેણે સાફ઼ ના પાડી દીધી. ભલે, પાછાં લઈ જવાં પડે. આને તો નથી જ આપવાં.

શેઠાણીને ખબર હતી કે આ લોકોને ગામડે પાછા જવાનો ટાઈમ થઈ ગયો છે. એટલે નહીં આપે તો જશે ક્યાં? રાહ જોઈ જોઈને પાંચ–સાત મીનીટ જોશે. એટલે ધીરજ ધરીને શેઠાણી દલીલો કરતાં રહ્યાં.

ત્યાં સાઈકલ પર એક કાકા આવ્યા. અને ધીમેથી પુછ્યું, 'બહેન, કેમ આપ્યાં આ બોર? બીજલીએ કાકા સામે જોયું અને બોલી, 'કાકા, લઈ જાઓ. તમને ઠીક લાગે તે આલજો.'

કાકાએ કંઈ બોલ્યા સીવાય બધાં બોર લીધાં અને પુછ્યું, 'પંદર રુપીયા ચાલશે ? '

બીજલી મીઠું હસીને કહે, 'કાકા, દસ આપત તોયે ચાલત.' અને બીજલીએ પ્રેમથી કાકાના હાથમાં બોરની કોથળી મુકી.

પેલા શેઠાણી જરા ધુંધવાઈને તરત બોલ્યા, 'હું ક્યારની કે'તી 'તી તો મને કેમ ન આપ્યાં?'

બીજલી શાન્તીથી બોલી, 'એ તમને નહીં સમજાય.'

–નીલમ દોશી

સર્જકસમ્પર્ક :
નીલમ હરીશ દોશી,
એક્ઝીક્યુટીવ બંગલો નં. 2 બીરલા કોલોની,
પોરબંદર – 360 576 ફોન નં. 94277 97524
બ્લૉગ : http://paramujas.wordpress.com/about/
ફેસબુક: https://www.facebook.com/nilamhdoshi

(નેટજગત સાથે જેમનો નાતો છે તેવા વાચકોમાંથી નીલમબહેનના નામથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. લેખીકાબહેન નીલન દોશીના પુરા પરીચય માટે, તેમની પ્રકાશીત રચનાઓ વીશે, અત્યાર સુધીમાં પ્રકાશીત થયેલાં તેમનાં પુસ્તકો વીશે વીગતપુર્ણ માહીતી મેળવવા, એમના પ્રસીદ્ધ બ્લૉગ http://paramujas.wordpress.com/about/ ની મુલાકાત લેવા વીનન્તી. ..ઉત્તમ ગજ્જર..)

◆●◆

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : બારમું – અંક: 371 – April 02, 2017
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,34,33,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 74,50,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,14,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 5,54,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@